માનનીય અધક્ષ્યશ્રી  માનનીય મંત્રી શ્રી જે માગણી નંબર  ૧૦૨ લઈને આવ્યા છે એમાં હું મારું અનુમોદન આપીને હું મારા વિચારો રજૂ કરવા ઉભી થઈ છું.

માનનીય અધક્ષશ્રી                                                                                         મને જણાવતા આનંદ થાય છે  શહરી વિકાસ અને ગૃહ નિર્માંણ માટે આ બજેટ માં કુલ રૂપયા ૨૧,૬૯૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે .

આજે જ્યારે આપના ગુજરાત રાજ્યના શહરના વિકાસની વાત કરીએ તો આજે રાજ્યના શહરોનો  વિકાસ ખૂપજ ઝડપથી થઈ રહ્યો છે આજે શહરોને આર્થિકરીતે ગતિશીલ ,જીવંત ,રહેવાલાયક અને પ્રયાવરણ ની દ્રષ્ટ્રીએ ટકાઉ તેમજ સક્ષમ બનાવામાટે

'ઈજ ઓફ લિવિંગ પર ' ધ્યાન આપવું આવશ્યક છે ,શેહરોમાં માર્ગો,પુલો ,પાણી,પૂરવઠો,ગટર -વ્યવસ્થા ,આરોગ્ય અને પરિવહન જેવી માળખાકીય સગવડોને સુદ્રઢ કરવામાં આવી રહી છે.

માનનીય અધક્ષશ્રી

આજે ગુજરાત ના શહેરો પ્રાથમિક સુવિધા થી પરિપૂર્ણ થઈ ગયા છે આજે ગુજરાતનું એક પણ આવું શહર ની હોય જે શહર નો વિકાસ ની થયો હોય .આજે ગુજરાતના શેહરોમાં નવા પ્રોજેક્ટ આવી રાહ્યા છે આજે  મેટ્રો રેલ શરૂ થઈ રહ્યા છે આજે નદીયો પર પુલ કેબલ બ્રિજમળી રહ્યા છે .

માનનીય અધક્ષ્યશ્રી

શહરી વિસ્તારોમાં પ્રાકૃતિક આપદાવો તેમજ ફાયર ની સુવિધા પૂરી પાડવા તંત્રની

સક્ષમતાને વધારવામાં  આવશે .શહરી ગરીબોને આવાસ ની સુવિધા ઉપલબ્ધ કરાવવા પ્રધાનમંત્રી આવાસ યોજના શહરી અંતર્ગત  બાકી રેહતા લાભાર્થીઓ માટે સમયબદ્ધ રીતે કામ કરવામાં આવશે .

માનનીય અધક્ષશ્રી

હું જે શહર થી આવું છું એ સુરત શહર ની વાત કરું તો મારા સુરત શહરને ઈતિહાસ નો અનુભવ છે વર્તમાન માં રફતાર જે શહરની છે .                                  એ સુરત શહર ની વાત કરીએ તો વિશ્વમાં સૌથી ઉંચી ઇમારત છે એ ડાયમંડ બ્રુસ નો શુભારંભ દેશના વડપ્રધાન શ્રી મોદી સાહેબ ના હસ્તે કરવામાં આવ્વ્યો હતો .ડાયમંડ નો વ્યાપાર આજે દેશ વિદેશ માં પ્રસિધ્ય થઈ ગયું છે .               આ

માનનીય અધક્ષશ્રી

અમદાબાદ અને સુરત શહેરમાં ગુજરાત મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે 1800 કરોડની જોગવાઇ કરવામાં આવી છે .

દેશના વડાપ્રધાન શ્રી એ જે લોકોને આવાહન કર્યું હતું ત્યારથી સુરત શહર નો જ નહી પણ દેશ નો એક એક નાગરિક સ્વચ્છતાનો આગ્રહ રાખતાં થઈ ગયા છે આજે શહર સ્વચ્છ છે ગામડાઓ સ્વચ્છ છે લોકોની વિચારસરણી બદલાઇ છે આજે સુરતશહર સ્વચ્છતામાં નંબર વન પર આવ્યું છે  મહામહિમ રાસ્ટ્રપતિ જી ના હસ્તે સુરત શહર ને નંબર વન નો પુરસ્કાર આપવામાં આવ્યો છે.

માનનીય અધક્ષશ્રી

ગાંધીનગર ખાતે આવેલ ગિફ્ટસિટી તરીકે ઓળખાતું ગિફ્ટસીટી ગ્લોબલ ફાયનાન્સ તરીકે ઉબરી રયુ છે ગિફ્ટ સીટી ને ગ્રીન સીટી તરીકે ઓળખાવમાં આવશે ગિફ્ટસિટી માં વિકાસ કાર્યોને પરિપૂર્ણ કરીને ‘વોક ટુ વર્ક ‘’ ‘લિવ-વર્ક

-પ્લે  કમ્યુનિટી'ની કલ્પના સાકાર થસે આ વિકાસ કાર્યોમાં 4.5 કી.મી. લાબો રિવરફ્રન્ટ રીકીએશનલ ઝોન ,શેક્ષણિક સસ્થાઓ આરોગ્યલક્ષી સવલતો મેટ્રો કનેક્ટિવિટી તેમજ સેન્ટ્રલ પાર્ક ની સુવિધાઓ નો સમાવેશ થસે .